# માતાપિતાનો સેવક



મહારાષ્ટ્રમાં પંઢરપુર કરીને એક મોટું યાત્રાનું ધામ છે. ત્યાં  ભગવાન વિઠોબાનું એક મોટું મંદિર છે. પંઢરપુરમાં પુંડલિક નામે એક જાણીતા ભક્તનું મંદિર પણ બંધાયેલું છે. યાત્રાળુઓ વિઠોબાનાં તેમજ ભક્ત પુંડલિકનાં દર્શન કરી પોતે પવિત્ર થયાનું માને છે. પંઢરપુરમાં પવિત્ર સ્થળોમાં પુંડલિકનાં માતાપિતાની સમાધિ પણ છે. પુંડલિક જેમ ભગવાનનો ભક્ત હતો, તેમ પોતાનાં વૃદ્ધ માતાપિતાનો પણ સાચો સેવક હતો. એમને પ્રભુતુલ્ય સમજી એ સાચા હ્રદયથી એમની સેવા કરતો. એની સેવાથી એના પર ભગવાન કેવી રીતે પ્રસન્ન થયા

હતા તેની વાત નીચે પ્રમાણે છે.

પોતાનાં વૃદ્ધ માતાપિતાને કાવડમાં બેસાડી, કાવડ ખભે લઈ, એમને તીર્થયાત્રા કરાવનાર શ્રવણની વાત તો જાણીતી છે.  'માતા તે દેવ છે, પિતા તે દેવ છે. માતાપિતાની પૂજા તે ભગવાનની ખરી પૂજા છે.' એવું શ્રવણ સમજતો હતો. માતાપિતા બાળક પર કેટલો બધો પ્રેમ રાખે છે ? એ પ્રેમનો બદલો બાળક કદી વાળી શકે નહીં એમ સમજીને શ્રવણે પોતાના પ્રાણના ભોગે ભક્તિભાવથી માબાપની સેવા કરી હતી.

પુંડલિક પણ શ્રવણના જેવો પિતૃભક્ત હતો. કહે છે કે જુવાનીની શરૂઆતમાં એનાથી માતાપિતાને દુ:ખ દેવાઈ ગયું હતું. પોતાનાં વહાલાં માબાપને દુ:ખ આપ્યા બદલ એને ઘણો પસ્તાવો થયો હતો, અને એમની સેવા કરીને એણે પોતાની બુરાઈને ધોઈ નાખી હતી. વૃદ્ધ અને અપંગ માતાપિતાની સેવા એ રાતદિવસ કરતો. એમની સેવા કરતાં એને થાક લાગતો નહીં. માબાપની ખાતર પોતાનો જીવ આપવો પડે તો તે આપતાં પણ તે અચકાય એમ ન હતો. પિતૃભક્ત પુંડલિકની કીર્તિ ચારે બાજુ ફેલાઈ હતી, અને લોકો પોતાનાં

સંતાનોને 'પુંડલિક જેવાં થજો' એમ કહેતા.

માતાપિતાની સેવા કરતાં પુંડલિક ભગવાનને ભૂલી ગયો ન હતો એ ખરું; પણ હકીકતમાં તો એ માતાપિતાને જ ભગવાન સમજતો હતો. ભલેને પછી એ માટીના માણસ રહ્યા. એને મન તો એ ભગવાન જ હતાં ને ! એટલે એ પહેલી સેવા પ્રત્યક્ષ ભગવાનની, એટલે કે માતાપિતાની કરતો, ને પછી ભગવનની સેવા પણ કરતો.

કહે છે કે માતાપિતા તરફની એની ભક્તિ જોઈને ભગવાન એના પર પ્રસન્ન થયા, અને એમણે એને દર્શન દેવા વિચાર્યું. પુંડલિક ત્યારે નિદ્રામાં પોઢેલાં માબાપનાં પગ દબાવતો હતો. ભગવાન બરાબર તે સમયે એની સમક્ષ પ્રગટ થયા. પ્રભુ જેવા પ્રભુ જાતે ભક્તને આંગણે આવે ને એમનો સત્કાર કર્યા વગર કંઈ ચાલે કે ? બીજી બાજુ ભગવાનથી પણ વધારે વહાલાં માનેલાં માબાપની સેવા કેમ કરીને છોડી શકાય ? ભગવાનને જોઈને પુંડલિક પોતે બેઠો હતો ત્યાં રહીને જ માથું નમાવ્યું.

ભગવાન કહે : "પુંડલિક, તારી માતૃપિતૃસેવાથી હું તારા પર પ્રસન્ન થયો છું."

પુંડલિક કહે : "પ્રભુ, આપ પધાર્યા તે મારાં ધન્યભાગ્ય. આપનાં દર્શનથી મારું કલ્યાણ થયું. પણ અત્યારે હું માતાપિતાની સેવામાં રોકાયેલો છું. જુઓ, તે કેવાં સુખમાં પોઢી ગયાં છે ! અહીંથી ખસું તો એમની ઊંઘ બગડે, ને એ જાગી જાય. એટલે મારાથી આ જગ્યા કેમ કરીને છોડાય ? અહીંથી કેમ કરીને ઊભા થવાય ? આપ કૃપા કરીને પધાર્યા છો તો ઘડીવાર થોભી જાઓ તો સારું. મારાં માતાપિતાને પણ આપનાં પવિત્ર દર્શન આપીને કૃતાર્થ કરતા જાઓ."

એમ કહી બાજુમાં એક ઈંટ પડી હતી તે ઉપાડી ભગવાનના ચરણ આગળ નાખતાં કહ્યું : "લો, પ્રભુ, આ આપનું આસન. મારી પાસે આપને લાયક બીજું કોઈ આસન નથી, એટલે કૃપા કરીને આ ઈંટ પર બિરાજો."

માતાપિતા તરફથી પુંડલિકની ભક્તિ કેવી ગાઢ હતી એનો ભગવાનને પ્રત્યક્ષ અનુભવ થયો. પુંડલિકની પિતૃભક્તિથી રાજી થતા ભગવાન હસતાં હસતાં એણે ફેંકેલી ઈંટ પર ઊભા રહ્યા. એનાં માતાપિતા જ્યારે જાગ્યાં અને પુંડલિક માતાપિતાની સેવા પૂરી કરી રહ્યો ત્યાર પછી એ ઊઠીને ભગવાનને પગે લાગ્યો. પુત્રને લીધે પોતાને પણ પ્રભુનાં દર્શન થયાં, એથી એનાં માતાપિતા પણ પોતાને આવો પુત્ર આપવા બદલ પ્રભુનો આભાર માનવા લાગ્યાં.

ઈંટને મરાઠી ભાષામાં 'વિટ' કહે છે. ભક્ત પરના પ્રેમને વશ થઈને ભગવાન 'વિટ' પર ઊભા રહ્યા ત્યારથી એ વિઠોબા કહેવાયા. અત્યારે પંઢરપુરના મંદિરમાં વિઠોબા ઈંટ પર ઊભેલા છે. ભગવાનનો ભક્ત પરનો પ્રેમ કેવો ગાઢ હોય છે એ વાત જાણે એ કહેતા ન હોય !

ભક્ત ભગવાનને ચાહે છે, એનાં કરતાં અનેકગણા વેગથી ભગવાન ભક્તને ચાહતા હોય છે એમ શાસ્ત્રોમાં લખેલું છે. એટલે પુંડલિકે બતાવેલી ઈંટ પર ઊભા રહી વિઠોબા બનવામાં ભગવાને ગૌરવ અનુભવ્યું. આ પણ કેવી આનંદની વાત ગણાય !

માતાપિતાની સેવા કરતાં પુંડલિકને ભગવાન મળ્યા. એની પિતૃભક્તિની યાદમાં લોકોએ પંઢરપુરમાં પુંડલિકનું મંદિર બંધાવ્યું, અને જે માતાપિતાની એણે સેવા કરેલી એમની યાદગીરીમાં એમની સમાધિ પણ બંધાવી.

પોતાનાં માતાપિતા તરફ પુત્રની શી ફરજ હોઈ શકે એનો સંદેશ આજે પણ પંઢરપુરનાં આ પવિત્ર મંદિરો આપી રહ્યાં છે.

લેખક: સ્વ. શંભુપ્રસાદ કૃપાશંકર ભટ્ટ